પંદર લાખનું

લેખક,

કવિ દુલભજી પ્રેમજી પીઠાવાલા,

૨૭, બાચવાર લેન,

પારસી બજાર, કોટ, મુંબઇ.

પ્રસિદ્ધ કર્ત્તા:—

માનસિંહ કાનજી બારોટ.

મુલ્ય બેઆના.

આ પુસ્તક ધી "હિંદુસ્તાન" પ્રેસમાં નં. ૨૨-૨૬ [illegible] સ્ટ્રીટ માં
મી. [illegible] પરસોતમદાસ મહેતાએ છાપ્યું છે.

પ્રસ્તાવના.

ન્યાતિ બંધુઓ અને બહેનો, ચાર ગઝ
વિષયોપર શ્રીયુત દુલભજી પ્રેમજી પીહાવાળા કવી
આવી છે. તે ગઝલોમાંથી પહેલી ત્રણ ગઝલો
ખાસ કરીને ધ્યાન ખેંચવા માગું છું. (૧) દારૂ
(૩) બાળલગ્ન. આજ બે હજાર વર્ષો થયા આપ
છેટનો કલંક લાગ્યો છે એટલે કે પોતાને ઉંચ
હિંદુઓ આપણને અડકતા નથી. બંધુઓ અને બહે
કરો, મનન કરો એનું કારણ શું હોવું જોઇએ ? શું
હિંદુઓ નથી ? ખરેખર, આપણે હિંદુઓજ છીએ.
રામ અને કૃષ્ણને માન્યે છીએ. દરેક હિંદુ દેવોની પુજા
કરીએ. જયારે આપણે હિંદુઓ છીએ ત્યારે શા માટે ચ.
બ્રાહ્મણ, ભાટીઆ, વાણીઆ અને અન્ય હિંદુઓ અડકતા ના
પાડે છે એ સ્વભાવિક પ્રશ્ન આપણું અંતકરણ આપણને પુછે
છે ? એવું તે આપણે શું કર્યું હશે કે આપણને બીજા
હિંદુઓ ભ્રષ્ટ થયલા સમજે છે ? બંધુઓ, આપણા કર્મો ભ્રષ્ટ
થવાથી આપણને હિંદુ સમાજમાંથી પદભ્રષ્ટ કરવામાં આવ્યા.
કોઇ ભાઇ પ્રશ્ન કરશે કે આજકાલ તો પોતાને ભાટીઆ,
વાણીયા અને બ્રાહ્મણો કહેવડાતા હિંદુઓ પણ દારૂઓ પીએ છે.
તેઓને શા માટે હિંદુ સમાજ પદભ્રષ્ટ કરતા નથી ? બંધુઓ
એના જવાબમાં મારે એટલુંજ કહેવું છે કે એ લોકોને પણ
સમયના પસાર થવા સાથે પોતાને મેળેજ પદભ્રષ્ટ થવું પડશે.
જયાંસુધી આપણે તાડી અને દારૂ પીવાની રૂઢીનો ત્યાગ કરીશું
નહિ ત્યાં સુધી આપણને કોઇ અડકવાનું નથી. કારણ કે
દારૂના ટેવવાળાઓ કર્મથી ભ્રષ્ટ હોય છે અને તે મનુષ્યો
સમાજમાં મોટો દરજજો ભોગવી શકતા નથી. આજે બાર વર્ષો
પૂર્વે શ્રીયુત મકનજી કુબેર મકવાણાએ "શ્રીમેયાવત રજપુતોદય"

. પાડયું હતું તેમાં એવી દલીલ કર...
જે મેવાવત રજપુતો છે. અને આપણી
.યાવત રજપુત નામ ધારણ કરી શ્રીમેવાવત
. સભા નામનું મંડળ સ્થાપન કર્યું હતું
પવન ફેલાવવો શરૂ કર્યો હતો. પરંતુ આજે બાર
છતાં પણ આપણે રજપુતો થયા નથી તેનું
જો કે આપણે નામથી મેવાવત રજપુત તો થયા
.ા કામ હજુ આપણે ઢેડનાજ રાખ્યા છે. જયાંસુધી
.ણા કર્મો અને આચારો સુધારીએ નહિ ત્યાંસુધી
.થે હિંદુ સમાજ ભળવાનો નથી અને રજપુત કહે-
થી. આપણે અસલ રજપુત હતા કે નહિ એ પ્રશ્ન
થોડા દિવસની વાત ઉપર સેન્ટ ઝેવિયર કોલેજના
સંસ્કૃત અધયાપક, પ્રોફેસર વિશ્વામિત્ર કૌશિક પંડીતે
.ાહ્મણો છે" એ નામનું પુસ્તક બહાર પાડયું છે. અને
જ. ને એ પુરવાર કરી આપવાની ચેલેંજ પણ બહાર પાડી છે. એ માટે આપણે પંડિતજીને હજારોવાર ધન્યવાદ આપીએ છીએ. પરંતુ સવાલ એ છે કે આ સમયમાં આપણા કર્મો અને આચારો રજપૂતના અથવા તો બ્રાહ્મણોના છે કે ? આપણને દિલગીરી સાથે કહેવું પડશે કે ૯૯ ટકાના કર્મો અને આચારો રજપુતો અને બ્રાહ્મણોના નથી. આજે આપણો મોટો વર્ગ અંગ્રેજ લોકોને ત્યાં ઘરધતુ નોકરીઓ કરે છે તે આપણે ધિમે ધિમે છોડવી જોઇએ. કારણ કે પારકા ધર્મના માણસોનું એઠું જુઠું આપણે જો ખાઇએ તો આપણને કોઇ હિંદુ કહેશે નહિ. જે ભાઇઓ બટલરોની નોકરીઓ કરે છે તેને હું ઠપકો આપતો નથી પરંતુ વિનંતિ કરીને કહું છું કે ધીમે ધીમે તમારે એ નોકરીઓ છોડવી જોઇએ. હવે અંગ્રેજોની બટલરની નોકરી કરવાનો વખત રહયો નથી. આપણી કમનસીબીથી અને આફતના માર્યાં આપણા બાપદાદાએ ધંધો સ્વીકાર્યો હતો પરંતુ હવે તો એવો જમાનો આવ્યો છે કે યુવાન વર્ગે એ કામમાં ન પડતા બીજા ધંધાઓ શોધવા જોઇએ. સતરમી સદીના શરૂઆતમાં

વેપારી તરીકે હિંદુસ્થાનમાં આ
ગામાસ ભક્ષણ કરતા હોવાથી હિંદુઓ અ
તેમજ અંગ્રેજો કુકકરનું માસનો આહાર ક
લમાનો પણ અંગ્રેજોને અડકતા નહિ. અ
લોકોએ જોયું કે હિંદુઓ અને મુસલમાનો ત
નહિ હોવાથી અંગ્રેજ લોકોએ અંત્યજોને હાથ
કર્યો. અંત્યજોને હિંદી સમાજ ન અડકતો હો
ખુશીથી અંગ્રેજોની નોકરી સ્વિકારવા લાગ્યા
સાથે છુટથી ભળવા લાગ્યા.

અંગ્રેજોએ હિંદ દેશની કામાડોળ, કુસંપ અને
ભરપુર હાલત જોઇને અંત્યજોને લશકરી તાલીમ :
અંત્યજોની મદદથી પ્રાંત પછી પ્રાંત જીતવા લાગ્યા. પે
છે કે બે બીલાડીની મારામારીમાં વાંદરો ફાવી ગયે
રીતે હીંદુ અને મુસલમાનની મારામારીમાં અને અ
અધમ અને ગુલામગીરી જેવી હાલતનો લાભ લઇને ર જા
ફાવ્યા. અને તેથીજ એક ઇતિહાસકારક કહે છે કે:-

"In 1757 a battle was fought at Plassey between Lord Clive and Siraj-Ud-Daulah of Bengal. Clive had three thousand men. Out of which only one thousand were Europeans (i. e. two thousand were Indians). India was conquered through the unpatriotic inhabitants of its own."

"૧૭૫૭ માં લોર્ડ કલાઇવ અને બંગાળના નવાબ સીરાજ ઉદ-દવલા સાથે પલાસીમાં યુદ્ધ થયું હતું. કલાઇવ પાસે ત્રણ હજાર માણસો હતા તેમાંથી ફકત એક હજાર યુરોપીયનો હતા (એટલે કે બાકીના બે હજાર હિંદીઓ હતા). હિંદુસ્થાન પોતાના દેશભક્તિરહિત રહિશોથી જીતાયો હતો."

પરથી આપણને માનવાને કારણ મળ -
ત રહિશો" અંત્યજો હોવા જોઇએ. કાર-
માતાના દેશમાં ગુલામગીરી ભોગવવી પડતી
અંત્યજોના લશકરી બળથી અંગ્રેજો ચાર
જીત્યા હતા અને ૧૮૫૭ નો બળવો પણ અંત્ય-
બાવી દેવામાં આવ્યો હતો પરંતુ થોડા વર્ષોની
રે સરકારની ગરજ પુરી થઇ ગઇ ત્યારે અંત્યજોની
નાંખવામાં આવી હતી. અને આપણો કરેલો ઉપ-
. ભુલી ગયા હતા એટલુંજ નહિ પરંતુ જેટલું સર-
ણ માટે કરવું જોઇએ તેટલું આજ સુધી કં... કર્યું
૪ સુધી મફત અને ફરજીઆત કેળવણીની શરૂઆત કરી
લુંજ પુરવાર કરવાને બસ છે કે સરકાર મતલબ હોઇ
સુધી તમારી ખુશામત કરે છે અને મતલબ પુરી થયા
તમને ઠોકરે મારે છે. માટે બંધુઓ ધીમે ધીમે હવે તમારો
અંગ્રજ પરનો મોહ કમતી કરતા જશો અને ધીમે ધીમે બીજા
ધંધાઓ પકડતા જશો. જ્યાંસુધી આપણે આપણા પગ
ઉપર ઉભા રહેતા શીખીએ નહિ ત્યાં સુધી આપણો ઉધ્ધાર
થવાનો નથી. લોકોના ઉપર આધાર રાખવો એ ફોકટ છે.
પારકી આશવાળાને સદા નિરાસ થવું પડે છે. આપણો દેશ
એક અવાજે વહેલામાં વહેલું સ્વરાજ મેળવવાને તલપી રહયો
છે. અને તે લડતમાં ભાગ લેવો એ આપણી ફરજ છે. માટે
પહેલાં તો આપણે દારૂ તાડીનો સંગ છોડવો જોઇએ. અને
પછી આપણી કેટલીક ખરાબ રૂઢીઓ સુધારવી જોઇએ. તોજ
આપણે રજપુત અને બ્રાહ્મણો કહેવડાવી શકીએ. માટે હું
આશા રાખું છું કે દરેક બંધુઓ અને બહેનો આ ગઝલો
વાંચી પોતાના કર્મો સુધારવાની કોશેશ કરશે તો હમારો હેતુ
સફળ થશે. અંતમાં શ્રીયુત દુલભજી પ્રેમજી પીઠાવાળા કવીને
આ ગઝલો લખવાને માટે અને શ્રીયુત ભાઇ માનસીંહ કાનજી
બારોટે આ ચોપડી છપાવવાનો ખર્ચ કીધો છે તેને માટે તે
ભાઇને તેમજ કવિને હું લાખો ધન્યવાદ આપું છું અને આશા

રાખું છું કે દરેક ભાઇ એવી રીતે પૈ
તો ન્યાતના ધન્યવાદને પાત્ર થશે.

શુકરવાર તા૦ ૧ લી એપ્રીલ
૧૯૨૧.
નંબર ૨૭, ભોયવાર લેન,
પારસી બજાર, કોટ,
મુંબઇ.

લી૦

છત્રસિંહ

દારૂ વિષે.

ગઝલ.

અરજ છે જ્ઞાતિને બંધુ, તજી દયો દારૂનો નીશો;
અરજ આ દીનની ધારી કદી નાં દારૂને પીશો.
છોડીને દેવનું મંદીર, પુજો છો એવડા મંદીર,
પ્રભુને ના ભૂલો બંધુ તજી દયો દારૂનો નીશો.
સંબંધી જો આવી મળતાં, સાથે લઇ પીઠામાં ભળતા,
સ્વાગત દારૂથી કરતાં તજી દયો દારૂનો નીશો
પ્રભુના નામને ભૂલતા, કદીના ઇશને નમતા
દારૂને પ્રેમથી નમતા, તજી દયો દારૂનો નીશો
ગયા છે રાજ ને તાજો, ગયા છે સુખના ધામો
વેરી છે દારૂનો ફંદો, તજી દયો દારૂનો નીશો
કલેજે રોગ ભરનારો, જીવન નીરસ કરનારો
તમારો નાશ કરનારો, તજી દયો દારૂનો નીશો
હોએ જો લગ્ન જે ઘેરે, પૂજે ત્યાં દારૂને પહેલો
કરે અન્યાય પ્રભુનો, તજી દયો દારૂનો નીશો
મરણ જો થાય જે ઘેરે, હોયે જો દુખીઆં દીલે

ચાલા, તજી દયો દારૂનો નીશો
ચઢતા, પછી પરવા નહી કરતા
મિલ્કત, તજી દયો દારૂનો નીશો
ી રીતી, બાંધી છે નાતની રૂએ
એ રીતે, તજી દયો દારૂનો નીશો.
ી કે હોળી, બ્રાંડી ગાર જઇ પાતા.
ન તે થાતા, તજી દયો દારૂનો નીશો.
ચાલની શુદ્ધી, છતાં મોટાઇ નાં મૂકે.
ગટરે પડતા, તજી દયો દારૂનો નીશો.
ગંદુ જે પાણી, જાયે તે નાકનેઃ મોઢે.
ા જીવતાં પડતા, તજી દયો દારૂનો નીશો.
જો તેને મવાલી, કરે ખીસા તેના ખાલી.
ા ઘડીયાળ ને વીંટી, તજી દયો દારૂનો નીશો.
ો જુએ જો સીપાઇ, પુરે ચોકીમાં લઇ જાઇ.
ાણી ઠંડા મહી બોળે, તજી દયો દારૂનો નીશો.
ભુધાંનો માર પણ પડતો, પછીથી દંડ પણ થાતો.
મળે ના પાસમાં પૈસો, તજી દયો દારૂનો નીશો.
વ્યાજે કાઢતા નાણાં, કોર્ટમાં દંડને ભરવા.
ગુમાવી નોકરી બેસે. તજી દયો દારૂનો નીશો.
રખડતા નોકરી વીનાં, નહિ ખાવાનાં ઠેકાણા.
ધીંગાણા છે એ દારૂના, તજી દયો દારૂનો નીશો.
ઘણાએ ખેલ દારૂના, જુઓછો હાટને વાટે.
ગુમાવે જન્મ આ મોઘો, તજી દયો દારૂનો નીશો.
ભૂલ્ય છો ધર્મ અને કર્મ, ભૂલ્યા દારૂ થકી ઇશ્વર.
થયો છે પાપ નોમેરૂં, તજી દારૂનો નીશો.
કહે છે દાસ દુલ્લભજી, કરો દુર દારૂ દુશમનને
ગ્રહોને ગુણ પ્રભુનાં, તજી દયો દારૂનો નીશો.

તાડી વિષે.

ગઝલ.

મીઠી લાગે સુરા દેવી, મોઢાને સ્વા
અજબ તાડી દેવી લાગે, પીવાને મોહ
શયાથી ઉઠવા પહેલાં, સંભારે તાડી
થએલા દાસ તાડીના, મોઢાને સ્વાદ
નથી વિદેશથી આવી, તાડી પોતે નથી ચ
પીનારા પડતા પાયે, મોઢાને સ્વાદ દેન
ભલે પય માતનું પીતા, હોયે જો નાનેરા બા
તેને પણ પાયે છે તાડી, મોઢાને સ્વાદ દેનારી.
લગાવે સંગ તાડીનો કદી ના ફંદથી છુટે.
કરો ના તાડીના સંગી, મોઢાને સ્વાદ દેનારી.
ચઢે તાડી તણા તેજે, મુછે કરી આકડા ફરતા.
પછી પીઠામાં જઇ માંગે, મોઢાને સ્વાદ દેનારી.
ત્યા કોઇ મિત્ર જો આવે, પછી ભાઇ શેખીએ ચઢતા.
મંગાવે માપીઓ પનર, મોઢાને સ્વાદ દેનારી.
નીશો તાડી તણો ચઢતા, મંગાવે મિત્ર પણ બીજી.
રેલમને છેલ ત્યાં થાતી, મોઢાને સ્વાદ દેનારી.
પુરા નાણાં નથી ખીશે, તેનું પણ ભાન ભુલીને,
મંગાવે માન મેળવવા, મોઢાને સ્વાદ દેનારી.
માગે તાડી તણા નાણાં, નહી ખીસામાં ઠેકાણા.
દેવાએ કોઇ ના ઉતર, મોઢાને સ્વાદ દેનારી.

વાથી, ખીજાએ પીઠાનો માલેક,
ડોસા, મોઢાને સ્વાદ દેનારી.
ચાકીમાં, ફજેતી થાય ધંધામાં,
રૂ વારે, મોઢાને સ્વાદ દેનારી.
પોતાને, સંભારે વેદના જયારે,
ટાઓ બાંધે, મોઢાને સ્વાદ દેનારી.
ચેતજો ભાઇ, કહુ છું નાતિના બંધુ,
આ હવે છોડો, મોઢાને સ્વાદ દેનારી.
છે તન હણુનારી, અનીતિને એ ચાહનારી,
નતા છે અરે એમાં, મોઢાને સ્વાદ દેનારી.
છે દાસ દુલભજી, ગુલામી તાડીની છોડો.
સાદી નીતિની પીઓ, મોઢાને સ્વાદ દેનારી.

બાળલગ્ન વિશે.

ગઝલ.

વાળ્યો છે દાટ કુધારે, હવે તો નીંદને ત્યાગો.
લુંટાએ રત્નની ખાણો, હવે તો ઉંઘને ત્યાગો.
તમારા પૌત્ર રત્નની, બની છે ખાણુ સંસારે,
કુધારો તે અરે હણુતો, હવે તો નીંદને ત્યાગો.
તમારા વિશ્વની ખાણો, હતુ જો રત્ન એ મોઘાં,
કેળવણી વિણુ એ પથર, હવે તો નીંદને ત્યાગો.
તમારા જગત વાડીના, તરૂ સંતાનને જાણો.

કુધારો છાઇડો ભુરો,
બાળકનાં ભાગ્યનો ભાનુ
બતાવો જ્ઞાનનો સુર્ય, ૬
બાળકની બાળવય જયારે,
ગુલામીમાં જીવન હોમે, હવે
રૂઢી છે બાળ લગ્નની, જીવનન
બાળકનાં સુખ હણનારી, હવે તો
ઉમંગે માતને પિતા, પરણે છે બ
બગાડે તે ભવિષ્યને. હવે તો નીંદ
વકટ આ વિશ્વ વાટીકા, અરે અભણ
અથડાએ બાળકો વ્હાલાં, હવે તો નીંદને
અનીતિ બાળ વીવાહની, તજોને એ અરે
નીતિ છે બાળ કેળવણી, હવે તો નીંદને ૮
દસરથનાં રામને લક્ષમણ, જુઓ શ્રીકૃષ્ણને ૫
કેળવણી બાળ વયે લીધી, હવે તો નીંદને ત્ય
જુઓને દ્રોપદી સીતા, સાવિત્રી ને દમયનતી,
નથી તે બાળ વયે પરણી, હવે તો નીંદને ત્યાગો.
ઉભય જો પ્રેમને પરખી, બંધાએ પ્રેમની ગાંઠે.
પરણે છે પુત્ર કે પુત્રી, બંધાવા લગ્નની ગાંઠે.
નથી હરદમ તે રેતી, હવે તો નીંદને ત્યાગો.
લગન તે સ્નેહનાં સાચાં, હવે તો નીંદને ત્યાગો.
લગન માબાપ જે કરતા, પછી કજોડ તે થાતાં,
જીવન કંકાસમાં જાતું, હવે તો નીંદને ત્યાગો.
ચાહો જો હીત બાળકનું, દીઓને દાન વિદ્યાનું,
ઉન્નતિ બીજને વાવો, હવે તો નીંદને ત્યાગો.
કહે છે દાસ દુલભજી, તજી દયો બાળ વિવાહને,
પ્રભુના ન્યાયથી ચાલો, હવે તો નીંદને ત્યાગો,

વેશે.

કરનારારે——એ રાહ

જરા જુઓ વિચારી પાપ તારાં
જરા જુઓ વિચારી પાપ તારાં,
...ચો, તે પર ચામ રૂપાળી.
...જવાનીના, ખોટા મોહે મરનારારે.—જરા.

...ઓ બેસે, વાટસન હોટલને બગીચે,
નારી બીચારી જો,પીગુર અને માલ કહેનારારે-જરા.

હોયે ઠેકાણા, બેસે મેજેસ્ટીક પાસે
...ઇ નારી પરાઇ તો. સીટીએ ગીતો ગાનારારે—જરા

... એલ્ફીન્સ્ટાનપર, ફરતા અકડમાં જવાનો.
ત્યાંથ... કોઇ બાળા જણાય તો, મુછે રૂઆબ કરનારારે—જરા.

નારી પોતાની ઘેરે રૂપાળી, વ્હાલાનાં વ્હાલ મંગાવે
નહીં દરકાર કરે પોતાની નારનાં, પાપ પરાયા વ્હોરનારારે—જરા

લગન પ્રસંગમાં જાએ જો દેશમાં, નેકટાઇ કોલર ધડીઆળે.
ફેશનમાં પુર થઇ ફરતા અકડમાં, ભાકુતી રોફ કરનારારે—જરા

બાળા બીચારી કોઇ પાણીએ જાએ, વાટે થઇ પન ઘાટે
જોઇ મુંઢો તેને સીટી વગાડે, છેડ તેની કરનારારે—જરા

નારી પરાઇ ઝેરની છુરી, જાણો એ જગમાં નકારી,
કૌરવ રાવણ પણ એથી હણાયાભાઇ, જુઓને મોહી પડનારારે—જરા

નારી પરાઇ પરાયુ ધન છે, નથી કંઇ સત્તા તમારી,
અજ્ઞાન વિચારથી ભટકી ભવરણમાં, પાપ કુંપે પડનારારે—જરા

દીપક રૂપમાં પતંગો મરતાં, તેમ કામી મરનારા
માનવ જન્મને વૃથા ગુમાવીને, પ્રભુનાં ગુણ ભુલનારારે—જરા

દાસ દુલભજી કહે વિનવીને, સત્ય નીતીને તપાસો
માટે પ્રભુજીનાં પંથે પળોને ભાઇ, નીતિનો પંથ ભુલનારારે—જરા